e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 177
January 23, 2009

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોનમાં (રાંદેર) સમાવિષ્ટ જહાંગીરાબાદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૨ (જહાંગીરાબાદ), બ્લોક નં. ૨૪૯, સર્વે નં. ૪૮ માં આવેલ પંચવટી સોસાયટીમાં અત્રેથી મંજુર કરવામાં આવેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. તથા ટેન્ટેટીવ રીકોન્સ્ટીટયુશન પ્લાન (ટી.આર.પી.) માં દર્શાવવામાં આવેલ સૂચિત'' આર–પર, પબ્લીક યુટીલીટી સેન્ટર'' માટે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ''રાષ્ટ્રીય યુવા દિન'' ૧૨ જાન્યુઆરી

ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી, સુરત મહાનગરપાલિકા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સટીના સહયોગથી પુજય.સ્વામી વિવેકાનંદની ૧૪૫ મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી માટે ગાંધીસ્મૃતિ હોલ ખાતે ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વર્ગમાં એચ.આઈ.વી./એઈડસ વિશે જન જાગૃતિ લાવવાનો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૧–૨૦૦૮નાં રોજ હોટલ ગેટવે ખાતે સીટી લેવલ કન્સલટેશન વર્કશોપનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૧–૨૦૦૮નાં રોજ હોટલ ગેટવે ખાતે સીટી લેવલ કન્સલટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના ભવિષ્યના આયોજનબધ્ધ વિકાસ માટે **(JnNURM)** યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૫માં સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ જે રાજય, કેન્દ્ર સરકાર ધ્વારા પણ મંજુર કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા તા. ૧૯–૦૧–૦૯ ના રોજ સુરત શહેરના Revised City Development Plan ઉપર શહેરના વિવિધ ક્ષેત્રોના નાગરિકો તેમજ મહાનુભાવો સાથે યોજાયેલ સેમીનાર




સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા તા. ૧૯–૦૧–૦૯ ના રોજ સુરત શહેરના Revised City Development Plan ઉપર શહેરના વિવિધ ક્ષેત્રોના નાગરિકો તેમજ મહાનુભાવો પાસેથી પ્રતિભાવો મેળવવા Stake Consultation નું હોટલ તાજ ગેટ વે ખાતે આયોજન કરવામાં આવેલ.સદરહું કાર્યક્રમમાં City Technical Advisory Group (CTAG) અને City Volunteer Technical corps (CVTC) ની રચના કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત ૯મો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા–૨૦૦૯'', સાતમો રાષ્ટ્રીય બાગાયત – હર્બલ – પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન–૨૦૦૯'' અને પ્રથમ આઈ.ટી.મેળો,''૨૦૦૯'' તા.૨૧–૦૧–૨૦૦૯ થી તા.૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે, મૂર્તિમંત થયેલ છે. જેનું ઉદઘાટન તા. ૨૧–૦૧–૨૦૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું



કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (સ્પે.) પી. જે. ઝાલા, એ જણાવ્યું કે નવમો પુસ્તક મેળો અને સાતમો રાષ્ટ્રીય બાગાયત – હર્બલ – મેળો – પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન–૨૦૦૯'' અને ''પ્રથમ આઈ.ટી.મેળો'' માં ઉપસ્થિત રહેલ ઉદ્દઘાટક શ્રી વિનોદભાઈ ભટ્ટ, હાસ્યલેખકશ્રી, ગુજરાતી સાહિત્ય, પ્રમુખ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા ૨૦૦૯'' સાતમો પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન ૨૦૦૯'' અને ''આઈ.ટી. મેળો ૨૦૦૯'' ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



સુરત મહાનગર પાલિકા ધ્વારા આયોજીત તા. ૨૧–૧–૨૦૦૯ થી તા. ૨૬–૧–૨૦૦૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાત નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો '' વિદ્યા ૨૦૦૯ '' સાતમો પુષ્પ પ્રદર્શન મેળો '' સુમન ૨૦૦૯ ''અને'' આઈ.ટી. મેળો ૨૦૦૯'' ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૨૦/૦૧/૨૦૦૯ તાથ ૨૧/૦૧/૨૦૦૯ ના રોજ શહેર વિકાસ ખાતા દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૭–૧–૨૦૦૯ નાં રોજ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે મેડીકલ એજયુકેશન યુનીટ ધ્વારા યોજાયેલ સેમીનારની સંક્ષિપ્ત વિગતો

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ૭૫મી પ્લેટીનમ જયુબીલી ઉજવણી સંદર્ભમાં તા. ૧૭–૧–૨૦૦૯ નાં રોજ સ્મીમેર મેડીકલ કોલેજનાં મેડીકલ એજયુકેશન યુનીટ ધ્વારા સ્ટેટ લેવલનો Seminar on "Relevance of Imformation / Communication Technology in Medical Education and Effective & Efficient Leadership of the Health team" નું આયોજન 'ડી' બ્લોક ખાતેના લેકચર હોલમાં કરવામાં આવ્યું, જેમાં ચીફ ગેસ્ટ તરીકે સુરત મહાનગરપાલિકાનાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોનમાં (રાંદેર) સમાવિષ્ટ જહાંગીરાબાદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૨ (જહાંગીરાબાદ), બ્લોક નં. ૨૪૯, સર્વે નં. ૪૮ માં આવેલ પંચવટી સોસાયટીમાં અત્રેથી મંજુર કરવામાં આવેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. તથા ટેન્ટેટીવ રીકોન્સ્ટીટયુશન પ્લાન (ટી.આર.પી.) માં દર્શાવવામાં આવેલ સૂચિત '' આર–૫૨, પબ્લીક યુટીલીટી સેન્ટર '' માટે અનામત રાખેલ પ્લોટમાં આર.સી.સી. ફુટીંગ ભરી બીમ કોલમ લઈ ચણતર કામ કરવા સહિતનું આશરે ૧૫' × ૫૦' ના માપ વિસ્તારનું ૫૦ ચો.ફુટ ક્ષેત્રફળનું ગેરકાયદેસર પાકું બાંધકામ દૂર કરી સી.ઓ.પી. /સૂચિત રીર્ઝવેશન ખુલ્લો કરવામાં આવેલ છે. તથા ટી.પી.સ્કીમ નં.૧૦ (અડાજણ),ફા.પ્લોટ નં.૨૦ પૈકી બંગલા નં.૪ ની મિલ્કતમાં અત્રેથી પશ્રિમ ઝોન કચેરીએથી ટીડીઓ નં.૭,તા.૦૫/૦૪/૦૮ થી મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે પશ્રિમઝોન કચેરી તરફથી ટીડીઓ નં.૨૬, તા.૨૬/૦૯/૨૦૦૮ મનાઈ હુકમ તેમજ ટી.ડી.ઓ. નં.૨૭, તા.૨૬/૦૯/૨૦૦૮ થી કારણદર્શક નોટીસ આપેલ હતી. તેમ છતાં મિલ્કતદારે નોટીસનો પૂરેપુરો અમલ કરેલ નથી. જેથી આજરોજ તા.૧૨/૦૧/૦૯ થી એન્ટ્રી નોટીસ બજાવી સ્થળે જઈ ગેરકાયદેસર બાંધકામ તોડવાનું શરૂ કરતાં મિલ્કતદારે જાતે પ્લાનથી વધારાનું તમામ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની ખાત્રી લેખિતમાં આપતા તોડવાનું અટકાવેલ સ્થળ ઉપર આશરે કુલ્લે ૩૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે.

ઉપરોકત કામગીરી મા.ઝોનલ ચીફશ્રી સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્રિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## "રાષ્ટ્રીય યુવા દિન" ૧૨ જાન્યુઆરી

ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી, સુરત મહાનગરપાલિકા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સટીના સહયોગથી પુજય.સ્વામી વિવેકાનંદની ૧૪૫ મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી માટે ગાંધીસ્મૃતિ હોલ ખાતે ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વર્ગમાં એચ.આઈ.વી./એઈડસ વિશે જન જાગૃતિ લાવવાનો હતો.

આ કાર્યક્રમમાં મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કમિશ્નરશ્રી એસ.અપર્ણા, અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ નેતાશ્રી શાસકપક્ષ, ભીમજીભાઈ પટેલ, અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ,શ્રી જયપ્રકાશ એચ.શાહ, અધ્યક્ષશ્રી રૂગ્ણાલયો અને વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ શ્રી પિયુષભાઈ બી.શિવશકિતવાળા,જો.પ્રોજેકટ ડાયરેકટર **GSACS,** ર્ડા.રાજગોપાલન, ડે.કમિશ્નર ( હે એન્ડ હો ) ર્ડા.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી હેમંતભાઈ દેસાઈ, સુરત એઈડસ પ્રિવેન્શન કંટ્રોલ યુનિટના પ્રોગ્રામ એડવાઈઝર ર્ડા.જયેશ કોસંબિયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. **NSS** વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી એ.એન.માલવીયા તથા આશરે ૭૦૦ જેટલા કોલેજના વિધાર્થીઓ તથા ૧૦૦ જેટલા સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆત ર્ડા.આઈ.સી.પટેલ. ડે.કમિશ્નરશ્રી (હે એન્ડ હો ) ના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી, ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાંસંગિક પ્રવચન દરમ્યાન, સુરત એઈડસ પ્રિવેન્શન કંટ્રોલ યુનિટના પ્રોગ્રામ એડવાઈઝર ર્ડા.જયેશ કોસંબિયા ધ્વારા કોલેજના યુવા વર્ગને **Red Ribbion Club** માં જોડાવા તથા સ્વૈચ્છિક રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. **NSS** વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી એ.એન.માલવીયાએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે યુવા વર્ગ એચ.આઈ.વી./એઈડસ વિશે જાણકારી મેળવે અને લોકોને માહિતગાર કરે તેવો અનુરોધ કર્યા હતો. અંતમાં મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા એ યુવા વર્ગની તાકાત અને જોશમાં વધારો કરતાં એચ.આઈ.વી./એઈડસથી બચવા અને સયંમ તેમજ સુરક્ષાને ધ્યાનમાં રાખી ગેરમાર્ગ ન દોરવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને રોમાંચક બનાવવા મહેન્દ્ર શાહ ગૃપ ધ્વારા વિવિધ ફિલ્મીગીતો ધ્વારા યુવા મિત્રોને મનોરંજન પુરું પાડવામાં આવ્યું હતું. સાથોસાથ વિવિધ પ્રશ્નોતરી વિધાર્થી મિત્રો ધ્વારા કરાઈ હતી જેના જવાબો સ્નેહલતા ભાટિયા ધ્વારા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન વિવિધ એચ.આઈ.વી./એઈડસ અંગેના સંદેશાઓ પણ આપવામાં આવી હતી. અંતમાં વિધાર્થીઓ ધ્વારા આ પ્રકારના કાર્યક્રમો વારંવાર અને મોટા પાયા પર થાય તેવી રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની પુર્ણાહુતી ર્ડા.સોંધરવાની આભારવિધિ થઈ હતી. સમગ્ર કાર્યક્રમ ડે.કમિશ્નર (હે એન્ડ હો) ર્ડા.આઈ.સી.પટેલના સીધી દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૧–૨૦૦૮નાં રોજ હોટલ ગેટવે ખાતે સીટી લેવલ કન્સલટેશન વર્કશોપનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯–૦૧–૨૦૦૮નાં રોજ હોટલ ગેટવે ખાતે સીટી લેવલ કન્સલટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના ભવિષ્યના આયોજનબધ્ધ વિકાસ માટે **(JnNURM)** યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૫માં સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ જે રાજય, કેન્દ્ર સરકાર ધ્વારા પણ મંજુર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ થયેલ શહેરના બે તબકકામાં હદ વિસ્તરણ તથા શહેરના વિકાસમાં આધુનિકતાને ધ્યાને લઈ રીવાઈઝડ સીટી ડેવલપમેન્ટ પ્લાન બનાવવાની આવશકયતા ઉભી થતા આ કામગીરી અમદાવાદના સેન્ટર ફોર એન્વયારમેન્ટ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી (સીઈપીટી)ને સોંપવામાં આવ્યું છે. રીવાઈઝડ સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે હોટેલ ગેટવેમાં યોજવામાં આવેલ આ વર્કશોપમાં વહીવટ અને કાર્યક્ષમતામાં વધારો કરવા તથા નાગરિકોની જરૂરીયાતોને સમયસર પુરી પાડવા માટે નીચે મુજબ ના ૬ (છ) વિષયોની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

- અર્બન પ્લાનીંગ
- પ્રાથમિક સુવિધા (પાણી, રસ્તા, ગટર)
- શહેરી પર્યાવરણ (ઘન કચરાનો નિકાલ, જાહેર આરોગ્ય)
- અર્બન ટ્રાન્સપોર્ટ, (ફલાયઓવર, પાર્કીગ, બી. આર. ટી. એસ.વિગેરે)
- શહેરી ગરીબો માટેની સેવાઓ
- અર્બન ગર્વનન્સ (ઈ–ગર્વનન્સ)

આ રીવાઈઝડ સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની શરૂઆત થઈ ત્યારે જુદા જુદા વોર્ડોમાં સ્થાનિક રહીશો અને ઝોન તથા વોર્ડ કક્ષાના આગેવાનો સાથે પરિસંવાદ કરવામાં આવેલ તેમા મળેલ સૂચનોને પણ આ રીવાઈઝડ પ્લાનમાં આવરી લેવામાં આવેલ છે. હવે શહર કક્ષાનો સંસ્થાઓ સાથે ચર્ચા યોજવામાં આવેલ છે. આ વર્કશોપમાં ઉદ્યોગના પ્રતિનિધિઓને પણ આમંત્રણ આપવામાં આવેલ છે. આ વર્કશોપ સાથે સુરત શહર માટે સીટી ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપ ની રચના કરવામાં આવશે. આ ગ્રુપ ની રચના માટે રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપના સભ્યો તેમજ ગુજરાત રાજયના એડવાઈઝરી ગ્રુપના અધ્યક્ષ પણ સહભાગી થનાર છે. સીટી ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપમાં ઈનસ્ટીટયુટ ઓફ એન્જીનીયર, એસવીએનઆઈટીના ડાયરેકટર, દ.ગુ.યુનિ.ના સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના નિયામક તેમજ અન્ય નિષ્ણાંતો પૈકી ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી રવિન્દ્રભાઈ વેપારી, ડો. વિકાસબેન દેસાઈ આમ ૬ (છ) તજજ્ઞોના સૂચવવામાં આવેલ છે. સીટેગ કાર્યરત થયેથી વિકાસને લગતાં નવા સૂચનો મળી રહે તથા નવી ટેકનોલોજીની જાણકારી અને તેમના તજજ્ઞોનો સેવાનો લાભ મેળવી શકાય. તેમજ શહેરની અન્ય સંસ્થાઓ પણ શહેરના વિકાસમા સહયોગી બને તેવો ધ્યેય છે.

આ કાર્યક્રમ શ્રી પી. કે. ઘોષ, અધ્યક્ષ, સ્ટેટ ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપ, સ્ટેગ, ગુજરાત, તથા રાષ્ટ્રીય ટેકનીકલ એડવાઈઝરી ગ્રુપ તરફથી શ્રી રમેશ રામનાથન, શ્રી વશી મલઈ, શ્રી કે. સી. શીવરામકૃષ્ણનની હાજરી સંભવિત છે.

TOP

# સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા તા. ૧૯–૦૧–૦૯ ના રોજ સુરત શહેરના Revised City Development Plan ઉપર શહેરના વિવિધ ક્ષેત્રોના નાગરિકો તેમજ મહાનુભાવો સાથે યોજાયેલ સેમીનાર




સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા તા. ૧૯–૦૧–૦૯ ના રોજ સુરત શહેરના **Revised City Development Plan** ઉપર શહેરના વિવિધ ક્ષેત્રોના નાગરિકો તેમજ મહાનુભાવો પાસેથી પ્રતિભાવો મેળવવા **Stake Consultation** નું હોટલ તાજ ગેટ વે ખાતે આયોજન કરવામાં આવેલ.સદરહું કાર્યક્રમમાં **City Technical Advisory Group (CTAG)** અને **City Volunteer Technical corps (CVTC)** ની રચના કરવામાં આવેલ. **CTAG** અને **CVTC** આવનારા દિવસોમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલમીશનના કાર્યક્રમ હેઠળની કામગીરીમાં મદદરૂપ થશે. સદરહું **CTAG** ની રચના માં શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, જેમાં આરોગ્ય, એન્જીનીંયરીંગ, આર્કીટેકચર, વ્યાપાર, ટ્રાન્સપોર્ટ, પર્યાવરણ શહેરી ગરીબ જેવા ક્ષેત્રોના અગ્રણી લોકોનો સમાવેશ કરેલ છે.



**Revised City Development plan** હેઠળ વિવિધ ક્ષેત્રના જુથ બનાવવામાં આવેલ અને આ જુથ તરફથી અગ્રણીઓએ ખૂબ જ સકારાત્મક પ્રતિભાવ આપેલ છે. આ પ્રતિભાવોનો સમાવેશ **Revised City Development plan** માં આમેજ કરી સદરહું પ્લાને આખરી રૂપ આપવામાં આવશે. સુરત મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર કુ. એસ. અર્પણાએ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરેલ પ્રકલ્પો નો વિસ્તૃત ચિતાર આપેલ તેમજ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરી તેઓને સુરત શહેરના વિવિધ પ્રોજેકટ ની મુલાકાત પણ કરાવેલ.

આ પ્રસંગે **NTAG** ના ચેરમેનશ્રી રમેશ રામાનાથન, **NTAG** ના સભ્યશ્રી કે.સી. શિવરામ ક્રિશ્નન તથા શ્રી વસીમલાઈ ઉપસ્થિત રહી તેઓના વિચાર રજુ કર્યા હતા. ગુજરાત રાજયના **City Technical Advisory Group** ના ચેર પર્સન શ્રી પી.કે. ઘોષ સાહેબ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહીને **CTAG** અને **CVTC** ની જાહેરાત કરી હતી. માન.મેયરશ્રી તથા સુરત મહાનગરપાલિકાના અન્ય પદાધિકારીશ્રીઓ ડે.મેયરશ્રી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી, નેતાશ્રી તથા વિરોધ પક્ષના નેતાશ્રીઓએ સમગ્ર દિવસ દરમ્યાન હાજરી આપી સુચનો રજુ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કમિશનરશ્રીએ જરૂરી પ્રોત્સાહન પૂરા પાડેલ.

આ સમગ્ર કાર્યક્રમમાં સેનટર ફોર એન્વાયરન્મેન્ટલ પ્લાનીંગએન્ડ ટેકનોલોજી **(CEPT)** અમદાવાદ અને બિનસરકારી સંગઠન "ઉન્નતિ" મદદરૂપ થયેલ.

**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત ૯મો  રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૯", સાતમો રાષ્ટ્રીય બાગાયત – હર્બલ – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૯" અને પ્રથમ આઈ.ટી.મેળો,"૨૦૦૯" તા.૨૧–૦૧–૨૦૦૯ થી તા.૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન  વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે, મૂર્તિમંત થયેલ છે. જેનું ઉદઘાટન તા. ૨૧–૦૧–૨૦૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું



કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (સ્પે.) પી. જે. ઝાલા,  એ જણાવ્યું કે નવમો પુષ્તક મેળો અને સાતમો રાષ્ટ્રીય બાગાયત – હર્બલ – મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૯" અને પ્રથમ આઈ.ટી.મેળો " માં ઉપસ્થિત રહેલ ઉદ્ઘાટક શ્રી વિનોદભાઈ ભટ્ટ, હાસ્યલેખકશ્રી, ગુજરાતી સાહિત્ય, પ્રમુખ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડૉ.બી.એ.પ્રજાપતિ, વાઈસ ચાન્સેલરશ્રી, વીર નર્મદ દ.ગુ.યુનિ, પ્રો.ડૉ. બી.કે.ધડુક, બાગાયત શાસ્ત્ર, નવસારી,મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતા શ્રીભીમજીભાઈ વી. પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા, શ્રીમતી નયનાબેન એમ.નાયક,મા.અધ્યક્ષશ્રી ગૃહનિર્માણ અનેઉધાન સમિતિ, શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ, મા.અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક સમિતિ  મંચસ્થ મહાનુભાવો, તથા મહાનગરપાલિકાના નિમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાનું હું હાર્દિક સ્વાગત કરુ છું. સુરત મહાનગરપાલિકા માટે આ ગૌરવની ક્ષણ છે. સુરત શહેરે અને પાલિકાએ અનેક ક્ષેત્રોમાં વિકાસ અને વિશિષ્ટતાઓ સર્જી છે. મહાનગરપાલિકાની દૂરંદેશીનો પૂરાવો આ પુસ્તક મેળો છે. ગત વર્ષે લગભગ સાત લાખ નાગરિકોએ આ પુસ્તક મેળાનો લાભ લીધો હતો. તેવી જ રીતે જાહેર જનતા આ પુસ્તક મેળાનો લાભ લેશે તેવી અપેક્ષા સાથે વિરમુ છું.

ત્યાર બાદ ઉપસ્થિત રહેલ વિવિધ મહાનુભાવોનું પુષ્પગુચ્છ–શાલ–મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ.

સમારંભમાં ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનો પૈકી શ્રી બી.એ. પ્રજાપતિ, વાઈસ ચાન્સેલરશ્રી, વીર નર્મદ દ. ગુ. યુનિ. એ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું કે સુરત શહેર એ લક્ષ્મીના પુજારી તરીકે ઓળખાતુ હતુ પરતું સુરત મહાનગરપાલિકાના આવા સતત નવ નવ વર્ષથી પુસ્તક મેળાનું આયોજન કરી સુરત શહેરએ સરસ્વતિનું પુજારી છે તેવુ ફલીત કરેલ છે. ટેકનોલોજીના શોધથી વિશ્વ નાનુ થતુ રહયુ છે અને તેને વધુ નાનુ કરવા માટે સુરત મહાનગરપાલિકાએ હામ ભરી આ મેળામાં આઈ. ટી. નું આયોજન કરેલ છે. સુરત તેની શેરીઓ, ઉત્સવો તથા તેની વિશિષ્ટતાઓ માટે પ્રખ્યાત છે. વિશ્વ માટેનું ચિંતન આપણા ઘરમાં જ રહેલું છે. જો તમારો કોઈ પુરોગામી નથી તો તમારુ કોઈ પણ જાતનું અસ્તિત્વ નથી. મહાનગરપાલિકા ધ્વારા આવા પુસ્તક મેળાનું આયોજન આપણામાં ચેતના પ્રેરે છે. ગુજરાત એ કોઈ પ્રાંત, પ્રદેશ નથી પણ જયાં સંકલ્પપૂર્વક કોઈ કામ હાથમાં લે તે પૂર્ણ કરે તે આપણું ગુજરાત છે.

**Continue ...**



અન્ય મુખ્ય મહેમાન ડો. બી. કે. ઘડુક, પ્રો. બાગાયત શાસ્ત્ર, નવસારીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે પુસ્તક મેળા તથા ઔષધિય મેળા આજના જમાનાની જરૂરીયાત છે. છેવાડાના માનવીને આધુનિક શોધો તથા ચિકિત્સા પધ્ધતિનો લાભ મળેલ નથી. આવા બાગાયત – હર્બલ મેળામાંથી વિવિધ ઔષધિઓની જાણકારી મેળવી તેનો મહત્તમ લાભ લઈ સરળતાથી તંદુરસ્ત રહી જીવન વ્યતિત કરી શકાય. ભારત ખાતે આરોગ્ય અંગેની એવી પ્રાચિન પધ્ધતિ છે કે જે માનવીની તંદુરસ્તી માટે ખુબ જ આવશ્યક છે. આપણા જીવનસુત્રોમાં કુદરતી વનસ્પતિ માળાની જેમ જળવાઈ રહેવી જોઈએ. આધુનિક વિશ્વ જયારે તેનો લાભ લઈ રહયા છે ત્યારે આપણે આધુનિકતા તરફ વળી તેનાથી વિમુકત થઈ રહયા છીએ. ગુજરાત એ બાગાયત ક્ષેત્રનું ભારતનુ મોટા માં મોટુ હબ છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિનોદભાઈ ભટ્ટ, હાસ્ય લેખકશ્રી, ગુજરાતી સાહિત્યએ જણાવ્યું કે તત્વશિલ સાહિત્યમાં આગળ વધવુ ખુબ જ જરૂરી છે. સાહિત્ય આપણા જીવન માટે ખુબ જ જરૂરી છે. આવા પુસ્તક મેળાનો લાભ લેવાથી સાહિત્ય આપણા સૌના જીવનમાં પ્રગટ થાય અને તેનો વિકાસ થાય તેવી લાગણી વ્યકત કરી જણાવ્યું કે આવી પ્રવૃત્તિ ખુબ જ જરૂરી છે. માનવીએ ચેતનવંત બનવુ ખુબ જ જરૂરી છે. સુરતનો વિકાસ અને તેની પ્રવૃત્તિઓ તથા આવી સાહિત્યક અને વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરેલ. પુસ્તકો બોલતા હોય છે પરંતુ પુસ્તકો કરતા લેખકો વધુ ડાહયા હોય છે. પુસ્તકોની દુકાનો તુટતી નથી જયારે મેયરશ્રીની જનતા મગજની વધારે છે. અજ્ઞાન ને કુબેર જ્ઞાનનો પ્રચાર સુરત મહાનગરપાલિકાનો છે. સુરતમાં નર્મદ એક લાગણીશીલ વ્યકિતત્વ ધરાવતા હતા. 'દોડીયો'' છાપુ વેચાતુ ન હોવાથી ભરબજારે લુટાવેલુ જેના પ્રાયશ્ચિતરૂપે સુરત મહાનગરપાલિકા દર વર્ષે આ પુસ્તક મેળાનું આયોજન કરે છે. જે સરાહનીય છે.

સમારંભના પ્રમુખ શ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ફકત પ્રાથમિક જરૂરિયાતોનો ખ્યાલ રાખતી નથી. પરંતુ તન,મનની સ્વસ્થતાનો પણ ખ્યાલ રાખે છે. બહુજન સમુદાય આવા પુસ્તક મેળા તથા બાગાયત, હર્બલ, પુષ્પ મેળાનો લાભ લે તે વર્તમાન સમયની માંગ છે. પ્રકૃતિ સાથે સંલગ્નતા માટે આવી પ્રવૃત્તિ ખુબ જ જરૂરી છે. આ મેળામાં પુસ્તકો, બાગાયત, હર્બલ, પુષ્પ અને આઈ. ટી. ના લગભગ ૨૪૯ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જાહેર જનતા આનો મહત્તમ લાભ લેશે તો મહાનગરપાલિકાની આ પ્રવૃત્તિ યોગ્ય લેખાશે.

સમારંભના અંત ભાગમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ સ્વાતીબેન ભટ્ટે આભારવિધિ કરી સૌનો આભાર માન્યો. આ સમારંભમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં આંમત્રિત નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

TOP

## નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૦૯" સાતમો પુષ્પ પ્રદર્શન મેળો "સુમન ૨૦૦૯" અને "આઈ.ટી. મેળો ૨૦૦૯" ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

સુરત મહાનગર પાલિકા ધ્વારા આયોજીત તા. ૨૧–૧–૨૦૦૯ થી તા. ૨૬–૧–૨૦૦૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાત નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૯ " સાતમો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૯ "અને" આઈ.ટી. મેળો ૨૦૦૯" ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા. ૨૬ /૦૧/૦૯ના રોજ પ્રજાસત્તાકદિન નિમિત્તે યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા જાહેર જનતાને ભાવભીનું હાર્દિક નિમંત્રણછે.







| ક્રમ | તારીખ | સ્પર્ધા<br>સવારે ૧૧.૩૦ કલાકે | સાંસ્કૃતિક કાર્યક્રમ/સ્પર્ધા<br>સાંજે ૭.૦૦ કલાકે |
|---|---|---|---|
| 01 | 21/1/2009 | વકતૃત્વ સ્પર્ધા | સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ |
| 02 | 22/1/2009 | વેશભૂષાસ્પર્ધા | શાળાઓનોરંગારંગ કાર્યક્રમ |
| 03 | 23/1/2009 | નિબંધ સ્પર્ધા | ઈન્ટર સ્કૂલ જનરલ નોલેજ કવીઝકોમ્પીટીશન<br>(KBC type QUIZ programe)<br>(એલ.સી.ડી. પ્રોજેકટર સ્ક્રીન પર) |
| 04 | 24/1/2009 | રંગપુરણી સ્પર્ધા | પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન<br>(એલ.સી.ડી. પ્રોજેકટર સ્ક્રીન પર) |
| 05 | 25/1/2009 | ચિત્રકામ સ્પર્ધા<br>કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધા | ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશન |
| 06 | 26/1/2009 | દેશભકિત પર આધારિત ગ્રુપ ડાન્સ સ્પર્ધા | દેશભકિત પર આધારિત મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા |

**૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન નિમિત્તે યોજાનાર કાર્યક્રમો**

| | | |
|---|---|---|
| સવારે ૯–૩૦ કલાકે | મા. મેયરશ્રીના હસ્તે ધ્વજવંદન | સ્થળ :– વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, રીંગરોડ,સુરત |
| સવારે ૯–૪૦ કલાકે | વિવિધ ક્ષેત્રે વિરલ સિધ્ધિ મેળવનાર રમતવીરોને ઈનાર વિતરણ | |
| સવારે ૯–૫૦ કલાકે | દેશભકિત પર આધારિત સાંસ્કૃતિક | |

TOP

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૨૦/૦૧/૨૦૦૯ તાથ ૨૧/૦૧/૨૦૦૯ ના રોજ શહેર વિકાસ ખાતા દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારના ટી.પી. સ્કીમ નં. ૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૪૪૧, ૪૪૨ પૈકી, સબ પ્લોટ નં. બી /૧૪૮ તથ માર્જીન વાળી પારસ સોસાયટી વાળી મિલકતમાં મિલકતદારે સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગ્રાઉન્ડ ફલોરે આર.સી.સી. સ્લેબ તથા પહેલા માળે આર.સી.સી. કોલમનું બાંધકામ કરતા અત્રેથી સદર બાંધકામ દુર કરી આશરે ૬૦૦ ચો.ફૂટ માપ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૨,૦૦૦/– મિલકતદાર પાસે સ્થળે વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફાઈનલ પ્લોટ નં. ૩૨ માં આવેલ વિજયનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૩૧,૩૨,૩૩ તથા ૩૪ વાળી મિલકતમાં લગભગ ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં માજીનની જગ્યામાં કરેલ બાંધકામ દુર કરી રૂા. ૨૫૦૦ /– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ) માં ફાઈનલ પ્લોટ નં. ૭૬/એ માં આવેલ મોહનદિપ સોસાયટીના સબ પ્લોટ નં. ૧૧૩ માં ત્રીજા માળે લગભગ ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## તા. ૧૭–૧–૨૦૦૯ નાં રોજ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે મેડીકલ એજયુકેશન યુનીટ ધ્વારા યોજાયેલ સેમીનારની સંક્ષિપ્ત વિગતો

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ૭૫મી પ્લેટીનમ જયુબીલી ઉજવણી સંદર્ભમાં તા. ૧૭–૧–૨૦૦૯ નાં રોજ સ્મીમેર મેડીકલ કોલેજનાં મેડીકલ એજયુકેશન યુનીટ ધ્વારા સ્ટેટ લેવલનો **Seminar on " Relevance of Imformation / Communication Technology in Medical Education and Effective & Efficient Leadership of the Health team "** નું આયોજન 'ડી' બ્લોક ખાતેના લેકચર હોલમાં કરવામાં આવ્યું, જેમાં ચીફ ગેસ્ટ તરીકે સુરત મહાનગરપાલિકાનાં માન. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મહાનગર પાલિકાનાં શાસક પક્ષનાં નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ગેસ્ટ ઓફ ઓનર તરીકે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનાં એકઝીકયુટીવ કમિટિનાં સભ્યશ્રી અને વાઈસ ચાન્સેલર, ડી.એમ.આઈ.એમ.એસ. નાગપુરનાં માન. ડો. વેદપ્રકાશ મિશ્રા, સ્પેશયલ ગેસ્ટ તરીકે મ્યુ. કમિશનરશ્રી એસ. અર્પણા , વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડો. બાબુભાઈ એ. પ્રજાપતિ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી તરફથી એમ.સી.આઈ.નાં પ્રતિનિધિ ડો. મહેન્દ્રભાઈ ચૌહાણ તથા નાગપુર, મુંબઈ વાઘોડીયા, ભાવનગર, કરમસદ, અમદાવાદ, જામનગર અને વડોદરાની મેડીકલ કોલેજોનાં ડેલીગેટોએ આ સેમીનારમાં તેમનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિ રહી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

સ્મીમેર કોલેજના ડીન, કન્વીનર ઓર્ગેનાઈઝીંગ ડૉ.કલ્પનાબેન દેસાઈએ આમંત્રીત મહેમાનોને અને તમામ ઉપસ્થિત ડેલીગેટોનું સ્વાગત કર્યું. આ સેમીનારનું આયોજન કરવા માટે એમ.સી.આઈ.ધ્વારા જે તક પુરી પાડી છે. તે બદલ કૃતજ્ઞતા વ્યકતા કરી.

મહાનગરપાલિકાના માન.મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણાએ સમારંભના આમત્રિતોને સંબોધન કર્યું. સુરત મહાનગરપાલિકાએ આઠ વર્ષ પહેલા સુરત શહેરનાં વિધાર્થીઓને ઉચ્ચ કક્ષાનું મેડીકલ એજયુકેશન ઘર આંગણે મળી રહે તે હેતુથી અને શહેરનાં નાગરિકોને ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તેવા ઉમદા વિચાર સાથે સને ૧૯૯૯ માં સ્મીમેર મેડીકલ કોલેજની સ્થાપના કરવામાં આવેલ છે. સ્મીમેર કોલેજ સફળતાપુર્વક પ્રગતિનાં પંથે આગેકુચ કરી રહી છે. અને ખૂબ ટૂંકાગાળામાં પી.જી.કોર્ષ ચાલુ કરી દીધેલ છે અને તેની ક્ષમતા વધારો કરવા માટે પણ સક્ષમ બની ગઈ છે.

આ સંસ્થાનાં વિધાર્થીઓએ પરીક્ષાઓમાં સ્થાનિક લેવલે જ નહીં પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે ઉચ્ચ રેન્ક હાંસલ કરેલ છે. સ્મીમેર કોલેજને સંલગ્ન હોસ્પિટલમાં શહેરનાં નાગરિકો ખુબ મોટા પ્રમાણમાં ( આઉટ ડોર અને ઈન્ડોર પેશન્ટ તરીકે ) તબીબી સારવારનો લાભ ઉઠાવી રહયા છે. સ્મીમેર કોલેજ અને હોસ્પિટલના સંચાલન સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ, તબીબો, અને કર્મચારીઓના સંનિષ્ઠ સહયોગથી આ સંસ્થાનું નામ આખા ગુજરાત અને દેશમાં ખુબ ઉજાગર કર્યુ છે અને તે બદલ અભિનંદન પાઠવ્યા.

કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે જાહેર જનતા સાથે રોજબરોજની અપાતી સેવાઓનું ઉચું સ્ટાન્ડર્ડ જળવાય તે ખૂબજ મહત્વનું છે. મેડીકલ ક્ષેત્રમાં ખૂબ ઝડપી નવી નવી શોધ થતી રહે છે. અને તેથી મેડીકલ ક્ષેત્રમાં તબીબીઓએ સતત અભ્યાસ જાળવી રાખવાની ખાસ આવશ્યકતા રહે છે. જે જાહેર જનતાને નવી વૈજ્ઞાનિક પધ્ધતિઓ ધ્વારા આરોગ્યની સેવાઓ પુરી પાડવા માટે ઉપયોગી થઈ પડે છે.

ભવિષ્યના સમય માટે તૈયાર થનાર મેડીકલ પ્રેકટીશનરો, તબીબી શિક્ષકો, જાહેર અરોગ્ય સેવાઓ પુરી પાડવામાં પોતાની નૈતિક ફરજનું સ્ટાન્ડર્ડ જાળવણી પણ અગત્યનો ભાગ ભજવે છે.

એમ.સી.આઈ.ના મેડીકલ ક્ષેત્રના ઉચ્ચ સુધારણા કાર્યને બિરદાવી આ સેમીનાર સફળ નીવડે તેવી શુભેચ્છા કમિશનરશ્રીએ પાઠવી.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ આપણા દેશમાં ઉચ્ચ સ્ટાન્ડર્ડ કક્ષાનું મેડીકલ એજયુકેશન પુરી પાડવાના ઉમદા હેતુ સાથે ૭૫ વર્ષની લાંબી મંજિલ સફળતાપુર્વક પાર કરી છે. તે ખરેખર પ્રશંનીય છે. અને તે બદલ મા.મેયરશ્રીએ એમ.સી.આઈ.ને હાર્દિક અભિનંદન પાઠવ્યા. સ્મીમેર મેડીકલ કોલેજને આ સેમીનાર યોજવા માટે એક સુંદર તક મળી છે. તે બદલ ગર્વ અનુભવ્યો છે. મેડીકલ ટીચરએ ફકત ટીચર નહીં પરંતુ આરોગ્યની સેવા પુરી પાડનાર એક આરોગ્ય સેવાઓનો ટીમ લીડર છે. અને નવા જનરેસનને તાલીમ આપી નવી ટીચરો ઉભા કરવાની એમ.સી.આઈ.ના અથાગ પ્રયાસથી આ સેમીનારમાં જે વિષયો પર ચર્ચા થનાર છે તે મેડીકલ એજયુકેશનમાં ઉચ્ચ કક્ષાના સુધારણાની દીશામાં સબળ અને વેગવાન બનશે.

**Continue ...**

મા.મેયરશ્રી અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના એકઝીકયુટીવ કમિટિનાં સભ્યશ્રી અને વાઈસ ચાન્સેલર, ડી.એમ.આઈ. એમ.એસ. નાગપુરના મા.ડાૅ.વેદ પ્રકાશ મિશ્રા સાહેબે દીપ પ્રગટાવી સેમીનારની ઉદ્દઘાટનવિધિ કરી અને તૈયાર કરવામાં આવેલ સોવીનીયરનું વિમોચન કરવામાં આવ્યું. ડાયસ ઉપર ઉપસ્થિત તમામ મહાનુભાવોને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી.

અંતમાં સ્મીમેર મેડીકલ કોલેજના બાયોકેમીસ્ત્રી વિભાગના પ્રોફેસર અને હેડ અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડાૅ.રામા વતારમે ડાયસ ઉપર ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવો, જુદી જુદી મેડીકલ કોલેજના આ સેમીનાર ભાગ લેનાર ડેલીગેટોએ કાર્યક્રમમાં કિંમતી સમય ફાળવી હાજરી આપી તે બદલ આભાર વ્યકત કર્યો. આ સેમીનારને સફળ બનાવવામાં જે તે અધિકારી/કર્મચારીઓએ સાથ સહકાર આપ્યો તે બદલ પણ આભારની લાગણી વ્યકત કરી.

સાયન્ટીફીક સેશન દરમ્યાન સેમીનાર હોલમાં નીચેના વિષયો ઉપર જુદા જુદા વિષયનાં તજજ્ઞોએ પોતાના પ્રવચનો આપ્યા.

(૧) **How will Doctors be Effictive and Effictive Leders of the Health Team** '' વિષય ઉપર મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં એકઝીકયુટીવ કમિટિનાં સભ્યશ્રી અને વાઈસ ચાન્સેલર, ડી.એમ.આઈ.એમ.એસ.નાગપુરનાં માન.ડાૅ. વૈદપ્રકાશ મિશ્રાસાહેબે વિસ્તૃત માહિતી સભર પ્રવચન આપ્યું.

(૨) **Changes in Teaching Methodology in View of Recent Developments and Expansion of Internet/Communication Technology** વિષય ઉપર મેડીકલ કોલેજ, મુંબઈના ડો. દેબદત્ત બાસુએ વિસ્તૃત માહિતીસભર પ્રવચન આપ્યું.

(૩) **Ethical Issues with regard to Doctor Patient Relationship** વિષય ઉપર મેડીકલ કોલેજ, મુંબઈના ડો.લાઠા ચર્તુવેદયુલાએ વિસ્તૃત માહિતીસભર પ્રવચન આપ્યું.

(૪) **Do we Need information/Communication Technology to Augment Medical Education** વિષય ઉપર મેડીકલ કોલેજ, મુંબઈના ડો. અવિનાશ સુપેએ વિસ્તૃત માહિતીસભર પ્રવચન આપ્યું.

સેમીનારમાં હાજર રહેલ ગુજરાત અને દેશની જુદી જુદી મેડીકલ કોલેજોનાં ડેલીગેટોને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડાૅ.ડીવીવીએસ રામાવતારનાં વરદ હસ્તે એટેન્ડન્સ સર્ટીફીકેટ અને સ્મૃતિભેટ આપવામાં આવ્યા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડો. બાબુભાઈ એ. પ્રજાપતિ તેમના પ્રવચનમાં જણાવ્યું કે સુરત શહેર અને સ્મીમેર મેડીકલ કોલેજ માટે **"Relevance of information/Communication Technology in Medical Education and Effective & Efficient Leadership of the Health Team"** સેમીનારનું આયોજન કરવાની જે તક મળી છે તે બદલ ગૌરવ / લાગણીનો અનુભવ વ્યકત કરું છું. એમ.સી.આઈ.એ તબીબી શિક્ષણ ક્ષેત્રે '' ટ્રેનીંગ એન્ડ ટેકનોલોજીકલ '' કાર્યક્રમ હેઠળ વિધાર્થીઓનાં તબીબી શિક્ષણ ક્ષેત્રમાં જાહેર જનતાની આરોગ્ય સેવાઓ સંકળાયેલા તબીબોનાં નેતૃત્વમાં જરૂરી સુધારણા થાય તેવા પ્રયાસો કરી રહી છે જે ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ઝડપી વિકાસ સાથે જાહેર આરોગ્ય સેવાઓનો લાભ જનતાને મળવો જરૂરી છે. આ સેમીનાર તબીબી શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષકો, વિધાર્થીઓ માટે માહિતી સભર જાણકારી માર્ગદર્શક બની રહેશે. એમ.સી.આઈ.તેમનાં મેડીકલ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ સુધારણા ઉમદા કાર્યમાં સફળતા પાત્ર થાય તેવી શુભેચ્છા પાઠવી.

સ્મીમેર મેડીકલ કોલેજના બાયોકેમીસ્ત્રી વિભાગનાં પ્રોફેસર અને હેડ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડાૅ. રામાવતાર મે સમારંભના અંતમાં અભારવિધિ કરી સેમીનારનું સમાપન કર્યુ.

**TOP**